RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 118, Dt.27-07-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## નીતિ આયોગની બેઠકમાં મમતાએ હોબાળો મચાવી બહિષ્કાર કર્યો



### બેઠકમાં બધા મુખ્યમંત્રીને ૧૫-૧૫ મિનિટનો સમય અપાયો, મને માત્ર પાંચ મિનિટ જ બોલવા જ દેવાયું, મારું માઈક પણ બંધ કરી દેવામાં આવ્યુ મમતાનો આક્રોશઃ કહ્યું-હવે કદી નીતિ આયોગની બેઠકમાં ભાગ નહીં લવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ નીતિ આયોગની બેઠકને અધવચ્ચે પડતી મૂકી હતી. બહાર આવીને તેમણે આરોપ લગાવ્યો કે બેઠકમાં મને બોલવા જ ન દેવાયું. મારું માઈક પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. બેઠકમાં વિપક્ષ તરફથી કોઈ નહોતું આવ્યું અને હું એકલી જ આવી હતી. બધા મુખ્યમંત્રીને ૧૫-૧૫ મિનિટનો સમય અપાયો હતો. જ્યારે મેં મારો પક્ષ રજૂ કર્યો તો મને બોલતા જ અટકાવી દેવામાં આવી.

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં નીતિ આયોગની આ ૯મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ચાલી રહી છે. મીટિંગમાં ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. બેઠક માટે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, આસામના મુખ્યમંત્રી હિમંતા શર્મા, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા, મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવ, આંધ્રના સીએમ ચંદ્રબાબુ નાયડુ અને ગોવાના સીએમ પ્રમોદ સાવંત પહોંચ્યા હતા.

જોકે નીતિ આયોગની આ બેઠકનો I.N.D.I.A. ગઠબંધનના શાસન હેઠળના ૭ રાજ્યના મુખ્યમંત્રીઓએ બહિષ્કાર કરી દીધો હતો. આ રાજ્યોમાં તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, પંજાબ, કેરળ અને ઝારખંડ સામેલ છે. આ રાજ્યોના મુખ્યમંત્રી આ બેઠકમાં પહોંચ્યા જ નહોતા. જ્યારે એનડીએના મુખ્ય સહયોગી જેડીયુના નીતિશ કુમાર પણ આ બેઠકમાં આવ્યા નહોતા. તેમની જગ્યાએ ઉપમુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને મુખ્ય સચિવ બ્રજેશ મેહરોત્રાએ હાજરી આપી હતી.

## ભાગેડુ વિજય માલ્યા પર શેરબજારમાં ટ્રેડિંગ કરવા પર સેબીએ ત્રણ વર્ષનો પ્રતિબંધ મુક્યો

### નાણાંના દુરુપયોગ અને અયોગ્ય વ્યવહારોના કારણે સેબીએ લીધો નિર્ણય,સિક્યોરિટી ફ્રીઝ કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી)એ ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા પર ભારતીય સિક્યોરિટી માર્કેટમાંથી ૩ વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે. હવે માલ્યા ૩ વર્ષ સુધી માર્કેટમાં કોઈપણ પ્રકારનો ટ્રાન્ઝેક્શન કરી શકશે નહીં. સેબીએ માલ્યાની તમામ સિક્યોરિટી હોલ્ડિંગ્સ ફ્રીઝ કરવાનો આદેશ આપ્યો છે, જેમાં મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ પણ સામેલ છે. અગાઉ, ૧ જૂન, ૨૦૧૮ ના રોજના આદેશમાં, સેબીએ માલ્યાને ત્રણ વર્ષ માટે સિક્યોરિટી માર્કેટમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો. નાણાના દુરુપયોગ અને અયોગ્ય વ્યવહારો માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી.



વિજય માલ્યા અંગે સેબીનો આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે. સેબી તપાસ કરી રહી હતી કે માલ્યા તેના શેરના વેપારમાં પરોક્ષ રીતે સામેલ હતા કે નહીં. સેબીના ચીફ જનરલ મેનેજર અનિતા અનુપે લખ્યું છે કે, પુરાવાને ધ્યાનમાં લીધા પછી, તે પ્રકાશમાં આવ્યું છે કે માલ્યાએ માત્ર FIIના નિયમોનું ઉલ્લંઘન કર્યું નથી, પરંતુ ભારતમાં તેમના જૂથની લિસ્ટેડ કંપનીઓમાં સિક્યોરિટીઝની ખોટી રીતે ખરીદી અને વેચાણ પણ કર્યું છે. આ રોકાણકારોના હિતની વિરુદ્ધ હતું અને તેનો હેતુ બજારના ખેલાડીઓને છેતરવાનો હતો.

સેબીએ જણાવ્યું હતું કે માલ્યાએ પોતાની ઓળખ છુપાવીને મેટરહોર્ન વેન્ચર્સ નામની FPI કંપની દ્વારા રોકાણ કર્યું હતું, જે ભારતીય કંપનીઓના શેરધારકોના હિતની વિરુદ્ધ હતું. સેબીના આદેશો અનુસાર, આ એફપીઆઈ કંપનીનો ઉપયોગ હર્બર્ટસન અને યુનાઈટેડ સ્પિરિટ (યુએસએલ) જેવી લિકર કંપનીઓના શેરમાં વ્યવહાર કરવા માટે કરવામાં આવ્યો હતો.

## NEET પેપર લીક કેસમાં બિહારમાં તળાવમાં નાખી દેવાયેલા ડઝનેક મોબાઈલ ફોન મળ્યા!

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

NEET પેપર લીક કેસની તપાસ કરી રહેલી CBI ટીમે ધનબાદમાંથી વધુ એકની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા વ્યક્તિનું નામ પવન છે. તે વ્યવસાયે કાર ડ્રાઈવર છે. સીબીઆઈએ પવનની ધનબાદની કમ્બાઈન્ડ બિલ્ડિંગ નજીકથી ધરપકડ કરી છે.પવનની પૂછપરછ કર્યા બાદ સીબીઆઈ શહીદ ગુરુદાસ ચેટર્જી ફૂટબોલ ગ્રાઉન્ડ પાસેના ભાટબંધ તળાવ પર પહોંચી હતી. તરવૈયાની મદદથી સીબીઆઈએ સિમેન્ટની કોથળીમાંથી એક ડઝન તૂટેલા મોબાઈલ, બે ઈન્સ્યુલેટર અને ઘણા પલળેલા દસ્તાવેજો કબજે કર્યા છે.

ટીમ ભાટબંધ તળાવ પર પહોંચી અને NDRF પાસે મદદ માંગી, પરંતુ તેમના આવવામાં ઘણો વિલંબ થયો. જે બાદ સ્થાનિક તરવૈયાની મદદથી તળાવમાં શોધ કરવામાં આવી હતી.તળાવમાંથી સિમેન્ટની થેલી બહાર



કાઢ્યા બાદ ટીમે તેની શોધખોળ કરી હતી. સર્ચ દરમિયાન બોરીમાંથી બે આઇફોન મળી આવ્યા હતા. આ સિવાય બીજી અનેક કંપનીઓના સ્માર્ટફોન હતા. મોટાભાગના મોબાઈલ ફોન તોડી નાંખેલા હતા.

જો કે આ સમગ્ર તપાસ દરમિયાન ન તો સીબીઆઈની ટીમે કંઈ કહ્યું કે ન તો સ્થાનિક પોલીસે કોઈ માહિતી શેર કરી. કહેવામાં આવી રહ્યું છે કે પટનાથી આવેલી ટીમ ધરપકડ કરાયેલા આરોપી બંટીને પણ સાથે લઈને આવી હતી.

બાદમાં મોડી સાંજે સીબીઆઈની ટીમ તમામને લઈને પટના ગઈ હતી.

આ પહેલા બુધવારે સીબીઆઈએ અવિનાશ ઉર્ફે બંટીની ધનબાદથી ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૩૦ જુલાઈ સુધીના રિમાન્ડ પર મોકલી દીધો છે. બંટીએ પોતે ૧૬ મોબાઈલ ફોનથી ઉમેદવારોને પેપર અને જવાબો મોકલી આપ્યા હતા. ત્યારબાદ પુરાવાનો નાશ કરવા માટે તમામ મોબાઈલ ફોન તળાવમાં ફેંકી દીધા હતા.

બંટીના ઠેકાણામાંથી બ્લૂટૂથ, પ્રિન્ટર અને અન્ય ઉપકરણો પણ મળી આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પિતરાઈ ભાઈ શશિકાંતના કહેવા પર બંટીની ધરપકડ કરવામાં આવી હતી. શશિકાંત હજારીબાગના રાજ ગેસ્ટ હાઉસના માલિક રાજકુમાર સિંહ ઉર્ફે રાજુનો મિત્ર છે.

સીબીઆઈએ હજારીબાગમાં ગઊઊઝ પેપર લીકના સીન રીક્રિએટ કરાયા હતા આ પહેલા ગુરુવારે સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ત્રણ આરોપીઓને હજારીબાગના રાજ ગેસ્ટ હાઉસમાં લઈ ગઈ હતી, જ્યાં પેપર સોલ્વ કરનારાઓએ ઉકેલ્યા હતા. સીબીઆઈએ ત્યાં તપાસ દરમિયાન સીન રીક્રિએટ કર્યા હતા અને એ સમજવાનો પ્રયાસ કર્યો કે પ્રશ્નપત્રને ઓએસિસ પરીક્ષા કેન્દ્રથી ગેસ્ટ હાઉસમાં લાવ્યા પછી કેવી રીતે સોલ્વ કરવામાં આવ્યું. સીબીઆઈએ આ ગેસ્ટ હાઉસમાંથી પ્રિન્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ સહિત ઘણા દસ્તાવેજો લીધા હતા.આ સીલબંધ દસ્તાવેજો પર બીપી રાજુ, એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ, સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિવિઝન, સીબીઆઈ, નવી દિલ્હી લખેલું હતું. સીબીઆઈની ૧૨ સભ્યોની ટીમ સાથે બિહારની એક ટીમ પણ હતી.

## નેમપ્લેટ બાદ નવો વિવાદ, કાંવડ યાત્રા રૂટ પર મસ્જિદ–દરગાહને પડદાં વડે ઢાંકવાનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કાવડિયાઓ માટે ભોજનની દુકાનો પર નેમપ્લેટ લગાવવાની બબાલ વચ્ચે હવે એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે. હરિદ્વારમાં કાવડ યાત્રા માર્ગ પર દરગાહ-મસ્જિદને ઢાંકવાનો મામલો સામે આવ્યો છે. મળતી માહિતી અનુસાર દરગાહ-મસ્જિદોને ઢાંકવા માટે આ તમામની ઉપર સફેદ રંગના પડદાં લગાવી દેવાયા હતાં જેથી લોકોની નજર તેની પર ના પડે. જોકે ઘણા લોકોએ વાંધો વ્યક્ત કર્યાં બાદ હવે આ પડદાંને હટાવી દેવામાં આવ્યા છે. પડદાંને જ્વાલાપુર વિસ્તારમાં સ્થિત મસ્જિદો અને દરગાહની સામે વાંસ પર લટકાવી દેવાયા હતાં. જવાલાપૂર પોલીસનું કહેવું છે કે પોલીસે કોઈ પડદાં લગાવ્યાં નથી કે હટાવ્યાં પણ નથી.

હરિદ્વારની અંદર થઈને પગપાળા કાવડિયાંઓ રવાના થઈ રહ્યાં છે. સિંહદ્વારથી રામનગર, આર્યનગર, ઊંચા



પુલથી થતાં કાંવડિયાંઓની જનમેદની નક્કી સ્થાન માટે રવાના થઈ રહી છે. જણાવાઈ રહ્યું છે કે રામનગર નજીક વિસ્તારમાં એક ધર્મસ્થળને ઢાંકી દેવાયુ હતું. શુક્રવારે ધર્મસ્થળને ઢાંકવાને લઈને વિવાદની સ્થિતિ પેદા થવા લાગી જે બાદ ધર્મસ્થળની બહાર લાગેલા પડદાંને બપોરે હટાવી દેવાયા. કહેવાઈ રહ્યું છે કે કોઈ પ્રકારનો કોઈ વિવાદ પેદા ન થઈ શકે, તેથી આ પડદાં લગાવવામાં આવ્યા હતાં.

ધર્મસ્થળ પર પડદાં લગાવવાનો મામલો સોશિયલ મીડિયા પર ચાલ્યો તો તેને હટાવી દેવાયા. કોણે પડદાં લગાવ્યા અને કોણે હટાવ્યા તેને લઈને અધિકારી વાત કરવાથી બચી રહ્યાં છે. અધિકારીઓએ દાવો કર્યો કે તેમને જાણકારી નથી કે પડદો કોણે લગાવ્યો અને કોણે હટાવડાવ્યો.વિજય દિવસના કાર્યક્રમમાં પહોંચેલા કેબિનેટ મંત્રી સતપાલ મહારાજ સાથે જ્યારે મીડિયાએ ધર્મસ્થળ પર પડદાં લગાવવાની વાત પૂછી તો તેમણે તેના જવાબમાં કહ્યું કે તેમાં કોઈ વાંધો હોવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે તેનો હેતુ એ જ છે કે કોઈ ભડકે નહીં, કોઈ રોષે ન ભરાય. કાવડ યાત્રા શાંતિપૂર્વક ચાલે. તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે જ્યારે ક્યાંક નિર્માણ થાય છે તો તેને પણ ઢાંકી દેવામાં આવે છે.

કોંગ્રેસ નેતા અને પૂર્વ મંત્રી નઈમ કુરેશીએ કહ્યું, અમે પોતાના જીવનમાં આવું ક્યારેય જોયું નથી. તેમણે કહ્યું, પઅમે મુસ્લિમ હંમેશા કાવડ મેળામાં શિવભક્તોનું સ્વાગત કરીએ છીએ અને વિભિન્ન સ્થળો પર તેમના માટે ખાણી-પીણીની વ્યવસ્થા કરીએ છીએ. આ હરિદ્વારમાં હિંદુઓ અને મુસ્લિમોની વચ્ચે સદ્ભાવનાનું એક ઉદાહરણ રહ્યું છે અને પડદાંની પરંપરા ક્યારેય રહી નથી.થ કુરૈશીએ કહ્યું કે કાવડ મેળો શરૂ થયા પહેલા તંત્રએ એક બેઠક કરી હતી અને હિંદુ અને મુસ્લિમ બંને સમુદાયોના સભ્યોને એસપીઓ બનાવવામાં આવ્યા હતાં.

દરગાહના એક ખાદીમે કહ્યું હતું કે કોઈએ પણ સારસંભાળ કરનારને દરગાહ-મસ્જિદને કવર કરવા વિશે વાત કરી નથી. અહમદે કહ્યું કે કાવડિયાંઓ આરામ કરવા માટે મસ્જિદો અને દરગાહની બહાર વૃક્ષોના છાયામાં રોકાય છે. આ પહેલી વખત છે કે આવું પગલું ઉઠાવવામાં આવ્યું છે. કોંગ્રેસ નેતા અને પૂર્વ જિલ્લા પંચાયત અધ્યક્ષ રાવ આફાક અલીએ કહ્યું કે મસ્જિદો અને દરગાહને ઢાંકવાનો તંત્રનો નિર્ણય ચોંકાવનારો છે.

## મુંબઈમાં ત્રણ માળની ઈમારત ધરાશાયીઃ કાટમાળ નીચે દબાઈ જવાથી બે રહેવાસીઓના મોત

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારે વરસાદ બાદ મહારાષ્ટ્રના નવી મુંબઈના શાહબાઝ ગામમાં બનેલી ત્રણ માળની ઈમારત અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. બિલ્ડિંગ ધરાશાયી થવાથી અનેક લોકો દટાયા હતા. જેમાંથી ઘણાંને બચાવી લેવાયા છે. જ્યારે ૨ લોકોનાં મોત થયા છે. ૧ વ્યક્તિના શબને બહાર કાઢવામાં આવ્યું છે જ્યારે બીજાના માત્ર માનવ અંગો મળ્યા હતાં.

બિલ્ડિંગમાં કુલ ૨૪ પરિવાર રહેતા હતા. પોલીસ, ફાયરબ્રિગેડ અને ગઉછઋ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. બચાવ કામગીરી હજુ પણ ચાલી રહી છે. જેસીબીને પણ ઘટનાસ્થળે બોલાવીને કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે.

નવી મુંબઈ મ્યુનિસિપલ કમિશનર કૈલાસ શિંદેએ જણાવ્યું હતું કે નસ્રઆ ઈમારત આજે સવારે ૫ વાગ્યા પહેલાં ધરાશાયી થઈ હતી. આ ગ્રાઉન્ડ ૩ માળની ઈમારત છે, જે સેક્ટર-૧૯, શાહબાઝ ગામમાં છે. એ ૩ માળની ઈમારત હતી. ૫૨ લોકો સુરક્ષિત રીતે બહાર આવ્યા હતા અને કાટમાળ નીચે ફસાયેલા ૨ લોકોનાં મોત થયા છે. આ ૧૦ વર્ષ જૂની ઈમારત છે, તપાસ ચાલી રહી છે, જે પણ દોષિત ઠરે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં એક બિલ્ડિંગની બાલ્કનીનો એક ભાગ ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આ ઘટના ગ્રાન્ટ રોડ રેલવે સ્ટેશન નજીક આવેલી ચાર માળની ઈમારત રુબિનિસા મંઝિલમાં સવારે ૧૧:૦૦ વાગ્યે બની હતી. મુંબઈ ફાયરબ્રિગેડના



જણાવ્યા અનુસાર, બીજા ને ત્રીજા માળની બાલ્કની તથા સ્લેબનો એક ભાગ તૂટી પડ્યો હતો અને કેટલાક ભાગ જોખમી રીતે લટકી ગયા હતા.

ગ્રાન્ટ રોડ સ્થિત બિલ્ડિંગની બાલ્કની ધરાશાયી થયાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. આ ફટેજ ઘટનાસ્થળે આવેલી એક દુકાનમાં લગાવેલા સીસીટીવી ફૂટેજનો હતો, જેમાં જોઈ શકાય છે કે એક મહિલા તેના ઘરની બહાર નીકળીને શેરીમાં આવે છે ત્યારે જ તેના ઉપર કાટમાળ પડે છે અને તે નીચે દટાઈ જાય છે, ત્યારે અચાનક જ નાસભાગ મચી જાય છે.

રેસ્ક્યૂ ટીમે વિવિધ સાધનોનો ઉપયોગ કરીને તેમને બહાર કાઢ્યા હતા. મુંબઈ ફાયરબ્રિગેડનાં ચાર વાહનો, એક ક્વિક રિસ્પોન્સ વ્હીકલ, એક રેસ્ક્યૂ વ્હીકલ અને એક ટર્નટેબલ લેડર સ્થળ પર તહેનાત કરવામાં આવ્યાં હતાં.

## કાશ્મીરના કુપવાડામાં થયેલા આતંકી હુમલામાં ૧ જવાન શહીદ, મેજર સહિત ૪ જવાનો ઘાયલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કાશ્મીરના કુપવાડામાં આજે સવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં એક જવાન શહીદ થયો છે. હુમલામાં એક મેજર સહિત ચાર જવાન ઘાયલ થયા છે. આ એન્કાઉન્ટર માછિલ સેક્ટર પાસેના જંગલ વિસ્તારમાં થયું હતું. ઘાયલ થયેલા તમામ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.એન્કાઉન્ટરમાં એક પાકિસ્તાની આતંકવાદી માર્યા ગયો છે. તે પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમનો જજ્રદ્ઘકમાન્ડો હોવાની આશંકા છે.



સૈનિકો કમકારી વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા ત્યારે આતંકીઓએ ફાયરિંગ કર્યુ હતું. સુરક્ષા દળોને કમકારી વિસ્તારમાં પાકિસ્તાની આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી, ત્યારબાદ સેનાએ આ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. હુમલા બાદ આતંકવાદીઓ જંગલમાં ભાગી ગયા હોવાની આશંકા છે. વધારાના સૈનિકો મોકલીને શોધખોળ કરવામાં આવી રહી છે.

જમ્મુ-કાશ્મીરના કુપવાડાના કોવુત વિસ્તારમાં બુધવારે થયેલા આતંકવાદી હુમલામાં ઘાયલ નોન-કમિશન્ડ ઓફિસર દિલાવર સિંહનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. સેનાએ એન્કાઉન્ટરમાં એક આતંકીને પણ ઠાર કર્યો હતો. મંગળવારે પૂંછમાં એન્કાઉન્ટર થયું હતું, જેમાં લાન્સ નાઈક સુભાષ કુમાર શહીદ થયા હતા.

## વિપક્ષના વિરોધ બાદ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં અગ્નિવીરો માટે પોલીસ સહિતની ભરતીઓમાં અનામત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓડિશા અને છત્તીસગઢની સરકારોએ શુક્રવાર, ૨૬ જુલાઈએ સેનાના અગ્નિવીરોને રાજ્ય પોલીસ ભરતીમાં અનામતની જાહેરાત કરી હતી. કારગિલ વિજયના ૨૫ વર્ષ પૂરા થવા પર આ રાજ્યોના મુખ્યમંત્રીઓએ જાહેરાત કરી છે. અત્યાર સુધીમાં ૭ રાજ્યોએ અગ્નિવીરને લઈને જાહેરાત કરી છે.

બે વર્ષ પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પણ BSF, CRPF, ITBP, SSB અને CISFdi અગ્નિશામકો માટે ૧૦% અનામતની જાહેરાત કરી હતી. હરિયાણા સરકારે અગ્નિશામકોને ૧૦% અનામત આપવાનો નિર્ણય કર્યો છે. ઉત્તરાખંડ સરકારે પણ ૨૨મી



જુલાઈએ જ અગ્નિવીરને અનામત આપવાની જાહેરાત કરી છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ શુક્રવારે જણાવ્યું કે જ્યારે અગ્નિવીર આર્મીમાં સેવા આપીને પરત ફરશે ત્યારે રાજ્ય પોલીસ અને વનરક્ષકોની ભરતીમાં તેમને અનામત સાથે છૂટછાટ આપવામાં આવશે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ અગ્નિવીરો માટે પોલીસ સેવામાં ૧૦% અનામત અને વય મર્યાદામાં ૫ વર્ષની છૂટની જાહેરાત કરી છે.

કેન્દ્ર સરકાર અને વિપક્ષ વચ્ચે અગ્નિવીર યોજના દ્વારા સેનામાં અગ્નિવીરની ભરતીને લઈને ઘર્ષણ ચાલી રહ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ તેને બંધ કરવાની માગ કરી છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ કહ્યું કે ભારતની ગઠબંધન સરકારમાં આ યોજના બંધ કરવામાં આવશે.

# મોરબીની રાજપર ચોકડી નજીક ક્રેટા કારમાં લોડેડ પિસ્તોલ સાથે નીકળેલ એકની અટક

## પોલીસે ઓટોમેટિક પિસ્તોલ, પાંચ જીવતા કારતુસ, ક્રેટા કાર સહિત રૂ. ૫,૧૦,૫૦૦/–નો મુદ્દામાલ જપ્ત કર્યોઃ ક્રેટા કારમાં સવાર ચાર ઈસમો પૈકી એક પીધેલો ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે શકત શનાળા ગામથી આગળ રાજપર ચોકડી પોલીસ ચેકપોસ્ટ પાસેથી ક્રેટા કારમાં સવાર શખ્સ પાસેથી દેશી હાથ બનાવટની લોડેડ પિસ્તોલ ઝડપી લેવામાં આવી હતી. પોલીસે આરોપી પાસેથી એક પિસ્તોલ, પાંચ જીવતા કારતૂસ જેની કુલ કિ.રૂ.૧૦,૫૦૦/- તથા ક્રેટા કાર સહિત ૫,૧૦,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ક્રેટા કારમાં સવાર ચાર પૈકી એક ઈસમ કેફી પ્રવાહી પીધેલ હાલતમાં ઝડપાતા તેની સામે અલગ કેસ નોંધી વધુ તપાસ ચલાવી છે.


મળતી માહિતી અનુસાર મોરબી સીટી એ ડિવિઝન પોલીસને બાતમી મળ્યા મુજબ લજાઈથી મોરબી ક્રેટા કારમાં આરોપી રમેશભાઈ ઉર્ફે માલદે પેન્ટના નેફામાં પિસ્તોલ લઈને આવે છે, જેથી પોલીસ ટીમ શકત શનાળા





નજીક રાજપર ચોકડી ચેક પોસ્ટ પાસે વોચમાં હોય તે દરમીયા ક્રેટા કાર રજી.નં.જીજે-૨૭-ઈડી-૦૦૧૬ આવતા તેને રોકી તલાસી લેતા ક્રેટા કારની પાછળની સીટમાં બેઠેલ રમેશભાઈ ઉર્ફે માલદે બાબુભાઇ ચાવડાની અંગ ઝડતી લેતા પેન્ટના નેફામાં રાખેલ લોડેડ દેશી હાથ બનાવટની ઓટોમેટિક પિસ્તોલ મળી આવતા તુરંત આરોપી રમેશભાઈ ઉર્ફે માલદે બાબુભાઇ ચાવડા ઉવ.૩૫રહે. હાલ ઉમિયા સર્કલ ખોડિયારનગર સીતારામ પેલેસ બ્લોક નં.૩૦૧ મૂળરહે.શનાળા રોડ યદુનંદન સોસાયટી શેરી નં.૩ની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી છે. આથી પોલીસે ક્રેટા કાર, પિસ્તોલ તથા પાંચ જીવતા કારતૂસ સહિત ૫,૧૦,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી સામે આર્મ્સ એક્ટ અને જીપી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે ક્રેટા કારમાં સવાર ચાર પૈકી એક દીપભાઈ શૈલેષભાઇ ભાવસાર ઉવ.૨૯ રહે. નવસારી જીલ્લાના વાસદા ગામને પીધેલી હાલતમાં મળી આવતા તેની સામે અલગ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ફુડ શાખાનું ખાણી–પીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના વધુ કેટલાક વિસ્તારોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાયા પછી જામનગર મહાનગરપાલિકાની ફુડ શાખા દોડતી થઈ હતી, અને શહેરના ૫૦ થી વધુ ખાણીપીણીના સ્થળો પર ચેકિંગ હાથ ધરી ક્લોરીનેશન સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી, જયારે ૧૫ પાણીપુરીના ધંધર્થી અને આઠ શેરડીના રસના વેચાણ બંધ કરાવાયા છે, જ્યારે કેટલીક અખાદ્ય સામગ્રીનો નાશ કરાવાયો હતો.

જામનગર મહાનગરપાલિકા ની હદ વિસ્તાર મા મ્યુનિ. કમિશનર ના જાહેરનામાં અંતર્ગત આરોગ્ય અધિકારી ના હુકમ અન્વયે જામનગર શહેર મા પાણીપુરી, બરફ, ગોલા, શેરડી નો રસ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવાથી શહેર ના જુદા જુદા વિસ્તાર જેવા કે, જનતા ફાટક, ખોડિયાર કોલોની,લાલ બંગલો, એસ.ટી. રોડ, રણજીતનગર, મેહુલનગર, મીગ કોલોની, સમર્પણ સર્કલ, પટેલ કોલોની વિકાસ ગૃહ રોડ, ગુરુદ્વારા સર્કલ, જી.જી હોસ્પિટલ સામે, ગાંધીનગર, રામેશ્વર, નવાગામ ઘેડ, ખડખડ નગર વગેરે વિસ્તાર માં ચેકીંગ કરાયું હતું.ખાણીપીણી જેવી કે પાણીપુરી, ગોલા, શેરડી નો રસ, બરફ, ફાસ્ટફ્ડ, બનાવતા ફુડ બિઝનેશ ઓપરેટર ને ત્યાં રૂબરૂ ઈન્સપેક્શન દરમિયાન સ્થળ પર ક્લોરીન મંગાવી પાણી મા ક્લોરીનેશન કરાવી સતત ક્લોરીનેશન જાળવવા, ખાદ્ય પદાર્થ ઢાંકી ને રાખવા, સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઈજેનિક કંડીશન મેન્ટેન કરવા, તથા ચેકિંગ દરમિયાન ૪૦૦ ક્લોરીન ની ગોળી નું વિતરણ કરવાની ની કામગીરી કરવામાં આવી હતી.

જે પૈકી ૧૫ પાણીપુરી અને ૮ શેરડી ના રસ, નું વેચાણ બીજો આદેશ ન થાય ત્યાં સુધી બંધ કરાવ્યું છે. તેમજ ૭૮ લીટર પાણીપુરી નું પાણી અને ૧૧ કિલો પાણીપુરી નો માવો તથા ૧૯૩ કિલો બરફ નો નાશ કરાવ્યો છે. તથા ૫ કિલો મંચુરિયન નો પણ નાશ કરાવાયો છે.

# જામનગર શહેર–જિલ્લામાં વીજ કંપની દ્વારા કોર્પોરેટ રૂ ૨૨.૨૦ લાખની વીજચોરી ઝડપાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર-જિલ્લામાં વિજ કંપની દ્વારા કોર્પોરેટ ડ્રાઇવ યથાવત રાખવામાં આવી હતી.જેમાં વિજ તંત્રની જુદી જુદી ૨૧ ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારમાં ૨૩૦ વિજ કનેકશનો ચેક કરવામાં આવ્યા હતા જેમાં વિજ તંત્રને ૩૯ જોડાણમાં ગેરરિતી જણાતા સંબંધિત આસામીઓને રૂા.૨૨.૨૦ લાખના દંડનીય બિલ ફટકારવામાં આવ્યા હતા.સપ્તાહના આરંભથી વિજ તંત્ર દ્વારા ચેકીંગ કાર્યવાહીને યથાવત રાખવામાં આવી હતી.જામનગર શહેર-જિલ્લામાં વિજ તંત્ર દ્વારા સમયાંતરે કોર્પોરેટ ડ્રાઇવ હાથ ધરવામાં આવે છે જેમાં ગત મંગળવારે વિજ તંત્ર દ્વારા વિજ ચોરીને ડામવાના હેતુ સાથે કોર્પોરેટ ચેકીંગ ડ્રાઇવ શરૂ કરાઇ છે જે સતત ચોથા દિવસે યથાવત રહી હતી. જેમાં વિજ તંત્રની જુદી જુદી ૨૧ ટીમ દ્વારા એસઆરપીના ૧૫ જવાનો સહિતના બંદોબસ્ત સાથે શહેરના નિલ કમલ સોસાયટી, ઈન્દીરા કોલોની, ગરીબનગર, કોમલનગર, કાલાવડ નાકા બહાર, અમન ચમન સોસાયટી, સન સીટી, નુરી ચોકડી સહિતના વિસ્તારોમાં સવારથી વિજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જે ચેકીંગ દરમિયાન વિજ તંત્રની જુદી જુદી ટીમોએ ૨૩૦ વિજ જોડાણોને ચેક કરવામાં આવ્યા હતા જેમાં વિજ વિભાગની ટીમોને ૩૯ કનેકશનોમાં ગેરરીતિ જણાતા સંબંધિત આસામીઓને રૂા. ૨૨.૨૦ લાખના દંડનીય બિલ.ફટકારવામાં આવ્યા હતા.

# જામનગર કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા કમિશનર કાર્યાલય બહાર ઉગ્ર સુત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ચાંદીપુરા અને કોલેરાના કેસ મામલે કમિશનર કચેરી પાસે બેસી સૂત્રોચ્ચાર કર્યા જામનગર મહાનગરપાલિકામાં વિરોધ પક્ષ અને કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો .જેમાં વિપક્ષ નેતા સહિત વિપક્ષના કોર્પોરેટરો તેમજ કોંગ્રેસ શહેર પ્રમુખ અને સંગઠનના કાર્યકર્તાઓ કમિશનર કાર્યાલય બહાર ઉગ્ર સુત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. શહેરની જનતાને કોલેરા થી બચાવો અને બાળકોને ચાંદીપુરા થી બચાવો તેવા ઉગ્ર સૂત્રોચાર કર્યા હતા.વિરોધ પક્ષના નગર સેવકો અને કોંગ્રેસ શહેર સંગઠન કાર્યકરો દ્વારા હાથમાં પોસ્ટર લઈને મંજીરા ઝાલર વગાવી રામધૂન પણ યોજી હતી. કમિશનર કાર્યાલય સામે ઉગ્ર સૂત્રોચાર સાથે વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. જામનગર શહેરમાં કોલેરા અને ચાંદીપુરાના કેસ વધી રહ્યા હોય લોકોને આ રોગચાળામાં ઉગારવાની માગ કરવામાં આવી હતી

# મોરબી શહેર તથા વાંકાનેરના અપમૃત્યુના ત્રણ બનાવમાં એક સગીર સહિત ત્રણના મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં અપમૃત્યુના બે બનાવ તથા વાંકાનેરના ગ્રામ્ય વિસ્તારમાં સીરામીક ફેક્ટરીમાં એક અપમૃત્યુના એમ કુલ ત્રણ બનાવ જુદા જુદા પોલીસ મથકમાં નોંધાયા છે.

જેમાં પ્રથમ અપમૃત્યુના બનાવની મળતી માહિતી મુજબ મોરબીના એસપી રોડ ઉપર સિલ્વર હાઇટ્સની બાજુમાં નવા બની રહેલા ગોલ્ડન હાઇટ્સમાં પાંચમે માળે પરિવાર માટે જમવાનું લઈને આવેલ શ્રમિક પરિવારનો ૧૬ વર્ષીય પુત્ર મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના વતની હાલ ઘુનડા રોડ ઉપર ઝૂંપડામાં રહેતા કરમસિંહ નવલસિંહ બામનીયા લિફ્ટની જગ્યા રાખવામાં આવી હોય ત્યાંથી અકસ્માતે પગ લપસતા નીચે પટકાયો હતો. જેથી તેને બેભાન હાલતમાં સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં શોક પ્રસરી જવા પામ્યો હતો. હાલ મૃત્યુના બનાવની એ ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવની વિગતો મુજબ મોરબીના મહેન્દ્રનગર ચોકડી નજીક શિવમ હાઇટ્સમાં કામ કરી રહેલા જયકુમાર રાધેલાલ યાદવ ઉવ.૩૯ રહે.મોરબી મીલનપાર્ક મહેંદ્રનનગરવાળા ગત તા. ૨૨/૦૭ના રોજ કામ કરતી વેળા માથા ઉપર ઇટ પડતા તેને પ્રાથમિક સારવારમાં મોરબીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જતા જ્યાં તેનું ટૂંકી સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે રાજકોટ પોલીસે પ્રાથમિક નોંધ કરી મોરબી બી ડિવિઝન ખાતે જાણ કરતા અ.મોત રજી. કરી આગળની ઘટિત કાર્યવાહી કરવામાં આવી છે.


અપમૃત્યુના ત્રીજા બનાવમાં વાંકાનેરના માટેલ રોડ ઉપર આવેલ સનસાઈન સીરામીક યુનિટ-૨માં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની વીરાનકુમાર ઉર્ફે વીરુ લાલાભાઇ કોલ ઉવ.૨૬ને પોતાની પત્ની સાથે વતનમાં જવા બાબતે મનદુ:ખ થતા જે બાબતનું લાગી આવતા પોતાની જાતે ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. જેથી મૃતકની ડેડબોડી પીએમ અર્થે વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં પોલીસે અ.મૃત્યુ અંગેની નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

# ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ, તથા ઉપયોગ પરના પ્રતિબંધની કડક અમલવારી

## ગ્લુ ટ્રેપનું વેંચાણ કરતા એકમો પર પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની ટીમ દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરની સૂચના અનુસાર સમગ્ર રાજ્ય સહિત જામનગર જિલ્લામાં ઉંદર પકડવાની ગ્લુ ટ્રેપના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે અંગે જિલ્લા કલેક્ટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.સમીક્ષા બેઠકમાં અધ્યક્ષ જામનગર પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી અને જિલ્લા કલેક્ટર જામનગર દ્વારા ઉંદર પકડવાની ગ્લુ ટ્રેપના ઉત્પાદન, વેંચાણ અને વપરાશને લઈને સમગ્ર જામનગર જિલ્લામાં સદંતર પ્રતિબંધ માટે કડક સૂચના આપવામાં આવી હતી.

તેમજ મળેલ માહિતી મુજબ જામનગર શહેરમાં એમ.કે.ઈન-કોર્પોરેશન દ્વારા આ પ્રકારના ઉંદર પકડવાની ગ્લુ ટ્રેપનું અન્ય જિલ્લા અને રાજ્યમાં જથ્થાબંધ વેંચાણ અને તેનું માર્કેટિંગ કરવામાં આવતું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.તેથી જામનગર પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટીની કારોબારી સમિતિ દ્વારા ટીમ બનાવીને આ સ્થળે આકસ્મિક સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. તેમજ આ પ્રકારના વેંચાણને સદતર બંધ કરવા અંગે માલિકને કડક સૂચના આપવામાં આવી હતી અને ઉંદર પકડવાની ગ્લુ ટ્રેપના પ્રતિબંધના ચુસ્ત અમલીકરણ બાબતે સચોટ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ડઈઅ, ૧૯૬૦ અંતર્ગત જામનગર જિલ્લામાં કોઈપણ જવાબદાર વ્યક્તિ કે સંસ્થા દ્વારા જો આ પ્રકારના ઉંદર પકડવાના ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ કરતા હોવાનું ધ્યાનમાં આવશે, તો તેની ઉપર નિયમોનુસાર અને કાયદેસર કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.ઉક્ત સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુક્લ તેમજ સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# માળીયા(મી) પોલીસના અલગ અલગ ત્રણ દરોડામાં વર્લીફિચર્સનો અને તીનપત્તીનો જુગાર રમતા કુલ ૭ જુગારીની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે જુગાર રમતા ઈસમો ઉપર કડક કાર્યવાહી કરી જુદા જુદા ત્રણ દરોડા પાડી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર તથા તીનપત્તીનો જુગાર રમી રહેલા કુલ ૭ ઇસમોને પકડી લઈ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

માળીયા(મી) પોલીસની પ્રથમ જુગારની રેઇડ અંગે મળતી માહિતી અનુસાર માળીયા(મી)ના ભાવપર ગામે સ્મશાન પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમી રહેલા અનિલભાઇ વેરશીભાઇ કારૂ ઉવ.૨૮ રહે.નવા સાદુળકા તા.જી.મોરબી, જયદીપસિંહ ઉર્ફે ભુરો રણજીતસિંહ જાડેજા ઉવ.૩૦ રહે.ભાવપર તા. માળીયા મી, ખેંગારભાઇ મોહનભાઇ રીણીયા ઉવ.૨૦ રહે.ભાવપર તા.માળીયા મી.ને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ. ૪,૭૩૦/-કબ્જે કરી ત્રણેય વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે બીજા દરોડામાં માળીયા(મી)ના ભાવપર ગામે દશામાઁ ના મંદિર પાસે જાહેરમાં પૈસાની હરજીતનો તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા અરજણ કરશનભાઇ રીણીયા ઉવ.૨૬, શૈલેષભાઇ મનહરભાઇ ફુલતરીયા ઉવ.૩૩ તથા ફીરોજભાઇ અસમાલભાઇ સુમરા ઉવ.૨૯ ત્રણેયરહે.ભાવપર તા.માળીયા મી.ને જુગાર રમતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા છે. જ્યારે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૪,૫૫૦/- જપ્ત કરી ત્રણેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો રજી. કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજા દરોડાની પ્રાપ્ત માહિતી મુજબ માળીયા(મી) તાલુકાના ખાખરેચી ગામના બસસ્ટેન્ડ નજીક વર્લીમટકાના આંકડાનો નસીબ આધારિત પૈસાની હરજીતનો જુગાર રમતા મનોજભાઇ પ્રભુભાઇ કૈલા ઉવ.૩૫ રહે.ખાખરેચીવાળાને વર્લી ફિચર્સના આંકડાના જુગાર રમવાના સાહિત્ય તથા રોકડા રૂ. ૪૭૦/-સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેની વિરુદ્ધ જુગારધારા એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# પ્લેસમેન્ટની સીઝનના ડે ઝીરોના રોજ મારવાડી યુનિવર્સિટીના ૧૦૦ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું

**રાજકોટ:** રાજકોટમાં આવેલી મારવાડી યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની સીઝન શરૂ થઈ છે, ત્યારે તેના ડે ઝીરોએ સંસ્થાના ૧૦૦ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થઈ ગયું છે. એન્જિનીયરિંગની વિવિધ શાખાઓમાંથી પ્લેસમેન્ટના રાઉન્ડ માટે ઉપસ્થિત રહેનારા ૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૦૦નું પ્લેસમેન્ટ થઈ ગયું હતું. અમદાવાદમાં આવેલી ટોચની યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ આ પ્રકારની અદભૂત સિદ્ધિ ભાગ્યે જ જોવા મળતી હોય છે.

આરટી કેમ્પ, ફિનટેક ગ્લોબલ,




ટીએસએસ અને સિમફોર્મ સહિતની ૨૨ જાણીતી કંપનીઓએ પ્લેસમેન્ટ સીઝનના ડે ઝીરોના રોજ કેમ્પસ પ્લેસમેન્ટના ઈન્ટરવ્યૂ હાથ ધર્યા હતા. યુનિવર્સિટી ખાતે યોજાયેલી આ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઇટી) અને આઇટી-અનેબલ્ડ સર્વિસિઝ (આઇટીઇએસ), ફિનટેક, ગેમિંગ, સોફ્ટવેર ડેવલપમેન્ટ અને હેલ્થકેર જેવા ક્ષેત્રોના ટોચના રીક્રૂટરોએ ભાગ લીધો હતો. કમ્પ્યૂટર એન્જિનીયરિંગ, આઇટી, એમસીએ અને આઇસીટીના મહત્તમ વિદ્યાર્થીઓએ નોકરીની આકર્ષક ઑફરો મેળવી હતી, જે રોજગારીના પરિદ્રશ્યમાં આ ક્ષેત્રોની ઘણી ઊંચી માંગ હોવાનું સૂચવે છે.

# હળવદ પોલીસ આયોજિત લોન–મેળાના કાર્યક્રમમાં ૨૫૦થી વધારે લોકોએ ભાગ લીધો









**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ માર્કેટિંગ યાર્ડ ખાતે ખેડૂત મિટિંગ હોલમાં ગઈકાલે હળવદ પોલીસ મથક દ્વારા સામાન્ય પ્રજાજનોને સસ્તા દરે લોન મળી રહે તે માટે લોન-મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ લોન-મેળામાં ૨૫૦ થી વધારે લોકોએ ભાગ લીધો હતો.

મોરબી જીલ્લા પોલીસના માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ મથક દ્વારા ગઈકાલ તા.૨૬/૦૭ના રોજ હળવદના માર્કેટિંગ યાર્ડમાં લોન-મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોન-મેળામાં અલગ અલગ ૧૧ જેટલી બેંકના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સામાન્ય પ્રજાજનો સસ્તા દરે લોન મેળવી શકે અને વ્યાજખોરોના ચુંગાલમાં ન ફસાય એટલા માટે તમામ લોકોને લોન વિશે માહિતીગાર કરવામાં આવ્યા હતા. આ તકે જુદી જુદું બેંકો દ્વાએ મંજુર કરેલી લોનના અંદાજે ૨૨ લાખના ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા.

# જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૯ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મુખ્યમંત્રી, ગુજરાત રાજય તરફથી મળેલ સૂચના અનુસાર જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે લોકોએ તેમની ફરિયાદ માટે ઉચ્ચ કક્ષાએ, ગાંધીનગર સુધી જવું ન પડે તે માટે જિલ્લા કક્ષાએ ''જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ'' કાર્યક્રમનું દર મહિને આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવ્યો હતો.જેમાં જિલ્લા કલેકટરએ રૂબરૂ લોકોના પ્રશ્નો અને રજૂઆત સાંભળેલી હતી અને તેમના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ કર્યું હતું. જમીન માપણી, ચેકડેમ રીપેરીંગ, શૌચાલય નિર્માણ, વિવિધ તાલુકામાં રસ્તા રીપેરીંગ, સફાઈ કામગીરી, જમીન સંપાદન વગેરે





મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં કુલ ૧૧ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૦૯ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ ૦૨ પ્રશ્નોનો નકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તમામ તાલુકાના અધિકારીઓ અને અરજદારો હાજર રહ્યા હતા.ઉપરાંત કલેકટર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી કાલરીયા, જામનગર તાલુકા વિકાસ અધિકારી, જામનગર શહેર મામલતદાર વીરલ માકડીયા, જામનગર મહાનગરપાલિકાના અધિકારીગણ, જે-તે સંબંધિત વિભાગ અને કલેકટર કચેરીના અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમ અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા ગયેલી વૃધ્ધાને રૂા.૧.૩૭ લાખના દાગીનાની ચોરી

## સીસીટીવી કેમેરામાં મહિલા સહિતની ત્રિપુટી કેદ થઈ જતા પોલીસે શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તહેવારો નજીક આવતા હોવાથી બજારોમાં ખરીદી કરવા જતાં મહિલાઓના દાગીના અને પાકીટ ચોરી કરતી મહિલા ગેંગ ફરી સક્રિય બની છે. ત્યારે આ ટોળકીએ એક ૬૦ વર્ષના વૃદ્ધાને નિશાન બનાવ્યા છે.૨ છે. અને ધોળા દિવસે વૃદ્ધાન ધર્મેન્દ્ર રોડ '' વૃદ્ધાને વાતોમાં વ્યસ્ત રાખી તેમના રૂા.૧.૩૭ લાખના સોનાના દાગીના ચોરી લીધા હતાં. જે મામલે એ ડીવીઝન પોલીસના સ્ટાફ દ્વારા સીસીટીવી ફુટેજના આધારે મહિલા ગેંગની ઓળખ મેળવવા તજવીજ કરવામાં આવી રહી છે.



મળતી માહિતી મુજબ રાજકોટના કોઠારીયા મેઈન રોડ પર નિલકંઠ પાર્ક શેરી નં.૪માં રહેતા સકીનાબેન મહેમુદભાઈ બેલીમ (ઉ.૬૦) નામના વૃધ્ધા ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા માટે ગયા હતાં. ત્યારે તેઓ બાલાજી સેન્ડવીચ પાસે આવેલ મનહર નામની દુકાને ખરીદી કરી રહ્યા હતાં તે સમયે બે મહિલાઓ તેમની પાસે આવી મ હતી હતી અને અને ડ્રેસવાલા નામની દુકાન કયા આવેલ છે ? તેવું પુછતાં સકીનાબેને દુકાનનું સરનામું જણાવ્યુ હતું તે દરમિયાન એક મહીલાએ તેના હાથમાં રહેલ બોકસ સકીનાબેનને સાચવવા આપી થોડીવારમાં પરત લઈ લીધું હતું. તે દરમિયાન ત્રીજી એક મહિલા ત્યાં આવી હતી અને આ બન્ને મહિલાઓને સાથે વાતચીત કરી મને બહુ ભુખ લાગી છે. તેમ કહી અંદરો અંદર વાતો કરતી હતી અને સકીનાબેનને સરનામુ પુછવાના બહાને વાતોમાં વ્યસ્ત રાખી ત્યારબાદ આ ત્રણેય મહિલા ત્યાંથી ચાલી ગઈ હતી.

થોડીવાર બાદ સકીનાબેને તેમને પહેરેલ હાથના સોનાના પાટલા અને ડોકમાં પહેરેલ સોનાના પારાની માળા જોવા નહીં મળતાં આશરે રૂા.૧.૩૭ લાખની કિંમતના દાગીના ચોરી થયાનું માલુમ પડયું હતું. જેથી આ મામલે એ-ડીવીઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટ તથા પીએસઆઈ એમ.ડી. ડાંગ સહિતના સ્ટાફે બાલાજી સેન્ડવીચ પાસેના સીસીટીવી ફુટેજ તપાસતા આ મહિલા ગેંગ નજરે પડી હતી.અને તેની શોધખોળ શરૂ કરી છે.

# કાળા કાચવાળી કાર ડીટેઈન કરવા મુદ્દે ભાજપી કાર્યકરોનો હોબાળો

## ટ્રાફિક પોલીસની ચેકિંગ ડાઈવ દરમ્યાન ભાજપના નેતાઓની કાળા કાચવાળી, નંબર પ્લેટ વિનાની કાર અટકાવતા આગેવાનોએ રકઝક કરી પણ ડીસીપીએ મચક ન આપી


**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રૂપે ચાલે તેમજ અકસ્માતના બનાવો અટકે તે માટે પોલીસ દ્વારા સમયાંતરે વાહન ચેકિંગ હાથ ધરવામાં આવતું હોય છે ત્યારે શહેરના કિશાનપરા ચોકમાં સાંજે ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ભાજપ બક્ષીપંચ મોરચાના વોર્ડ નંબર ૧૨ના પ્રમુખની કાળા કાચવાળી અને નંબર પ્લેટ વિનાની કાર પસાર થતા અટકાવી લોક મારી દેતા અન્ય આગેવાનો ધસી આવ્યા હતા અને ડીસીપી સાથે રકઝક કરી હતી પરંતુ ટ્રાફિક ડીસીપીએ મચક નહી આપી મેમો ફાડી કાર ડીટેઈન કરી હતી.





(તસ્વીરઃ આનંદ જાવિયા)





રાજકોટના કિશાનપરા ચોકમાં ટ્રાફિક પોલીસ દ્વારા સાંજે વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં ટ્રાફિક એસીપી જયવીર ગઢવી સહિતના વાહન ચેકિંગ કરતા હતા ત્યારે એક કાળા કાચવાળી અને નંબર પ્લેટ વિનાની કાર પસાર થતા અટકાવી હતી જે કાર વોર્ડ નંબર ૧૨ના બક્ષીપંચ મોરચાના પ્રમુખ મહેશભાઈની હોય પોલીસ દ્વારા કાળા કાચ દુર કરવાની કામગીરી કરવામાં આવી હતી અને કારની નંબર પ્લેટ પણ ન હોય જેથી ડીટેઈન કરવાની કાર્યવાહી કરતા તેમણે અન્ય આગેવાનોને જાણ કરતા ભાજપ બક્ષીપંચ મોરચાના બાબુભાઈ માટીયા સહિતના આગેવાનો દોડી આવ્યા હતા ત્યારે જ ડીસીપી પૂજા યાદવ પણ આવી પહોચ્યા હતા તેમની સાથે દંડ ભરી કાર છોડાવવા માટે રકજક કરી હતી પરંતુ તે મેમો તૈયાર થઈ ગયો હોય કાર ડીટેઈન કરી લીધી હોવાનું અને વરસાદને લીધે નંબર પ્લેટ નીકળી ગઈ હોવાનું બાબુભાઈએ જણાવ્યું હતું.

બીજી તરફ કારને ટોઇંગ કરવા ક્રેઈન બોલાવવામાં આવી હતી પરંતુ કાર ઓટોમેટીક હોવાથી ચારેય ટાયર લોક થઇ ગયા હોય બાદમાં કાર ચલાવીને જ ટ્રાફિક પોલીસના શીતલ પાર્ક સ્થિત ડેપો ખાતે લઇ જવામાં આવી હતી.

# મવડી ચોકડી પાસે અજાણ્યા વાહન ચાલકે કચડી નાંખતા વૃધ્ધાનું મોત

## વૃધ્ધા કેન્સરની બિમારીથી કંટાળી મોડીરાત્રીએ ડેલીએ નકુચા લગાવી નીકળ્યા'તાઃ સવારે વૃધ્ધાની લાશ મળી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ચોકડી નજીક આવેલી પ્રજાપતિ સોસાયટીમાં રહેતાં સાંઇઠ વર્ષના વૃધ્ધા મોડી રાતે ઘર ડેલીના દરવાજા બહારથી બંધ કરી પરિવારજનોને પુરી દઇ નીકળી ગયા હતાં. સવારે જાગેલા સ્વજનોએ બહારથી દરવાજો બંધ હોઇ અને ઘરમાં માજી હાજર ન હોઇ ચિંતીત બની પડોશીને બોલાવી દરવાજો ખોલાવડાવી તપાસ શરૂ કરી હતી. એ દરમિયાન મવડી ચોકડીએ એક વૃધ્ધાની લાશ પડી હોવાની જાણ થતાં પરિવારજનો હાંફળા ફાંફળા ત્યાં પહોંચતા પોતાના જ સ્વજનની લાશ હોવાનું જણાતાં કલ્પાંત સર્જાયો હતો. વૃધ્ધાનું માથું છુંદાઇ ગયું હતું. કોઇ વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયાની શક્યતા જણાઇ હતી. ઘટના હિટ એન્ડ રનની છે કે પછી વૃધ્ધા બિમારીથી કંટાળ્યા હોઇ જાતે કોઇ વાહનમાં પડતું મુક્યું? તેની પોલીસે તપાસ શરૂ કરી હતી.

જાણવા મળ્યા મુજબ પ્રજાપતિ સોસાયટીમાં રહેતાં અશોકભાઇ દામજીભાઇ ભટ્ટી, હાર્દિકભાઇ ભટ્ટીના માતા સવિતાબેન દામજીભાઇ ભટ્ટી (ઉ.વ.૬૦) વહેલી સવારે ઘરમાં જોવા ન મળતાં બંને દિકરા સહિતના સ્વજનોએ શોધખોળ શરૂ કરી હતી. બીજી તરફ ઘરનો દરવાજો પણ બહારથી બંધ હોઇ પડોશીને બોલાવી દરવાજો ખોલાવી સવિતાબેનની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. એ દરમિયાન મવડી ચોકડીએ આરકે પ્રાઇમ નજીક એક મહિલાની લાશ પડી હોવાની જાણ પરિવાજનોને થતાં બધા ત્યાં દોડી ગયા હતાં. આ લાશ સવિતાબેન ભટ્ટીની જ હતી. માલવીયાનગર પોલીસને જાણ થતાં પીએસઆઇ એસ. એ. સિંધી, ભાવેશભાઇ ગઢવી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.

સવિતાબેનનું માથુ છુંદાઇ ગયું હોઇ કોઇ વાહનની ઠોકરે ચડી ગયાનું તારણ નીકળ્યું હતું. મોડી રાતે વૃધ્ધા ઘરેથી નીકળીને ચોકડી તરફ આવ્યા હોઇ ત્યારે કોઇ વાહનનો ચાલક ઠોકરે લઇને ભાગી ગયો કે પછી વૃધ્ધા રસ્તો ઓળંગવા જતાં ઠોકરે ચડયા? તે સહિતની પોલીસે તપાસ શરૂ કરી હતી. મૃત્યુ પામનાર સવિતાબેન ચાર ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. તેમને સંતાનમાં બે પુત્ર અશોકભાઇ, હાર્દિકભાઇ અને એક દિકરી ભગવતીબેન છે. પતિ દામજીભાઇ ભટ્ટી કારખાનામાં કામ કરે છે.


દિકરાઓએ જણાવ્યું હતું કે સવિતાબેનને બે મહિનાથી કેન્સરની બિમારી લાગુ પડી હોઇ હનુમાન મઢી પાસે કેન્સર હોસ્પિટલમાં સારવાર ચાલુ હતી. બે દિવસ પહેલા જ ટ્રીટમેન્ટ પુરી થઇ હતી. આ બિમારીથી તેઓ ખુબ કંટાળી ગયા હતાં. રાતે કોઇપણ સમયે ઘરના દરવાજા બહારથી બંધ કરી નીકળી ગયા બાદ સવારે તેમની લાશ મવડી ચોકડીએ મળી હતી. ઘટનાની જાણ થતાં ડીસીપી, એસીપી સહિતના અધિકારીઓ પણ પહોંચી ગયા હતાં. આ બનાવથી અરેરાટી વ્યાપી ગઇ હતી.

# જીવાપર ગામના પાટીયા પાસે વિદેશી દારૂભરેલી કાર સાથે બે શખ્સો ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી રૂ.૩.૮૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા જીવાપર ગામના પાટીયા પાસે ક્રાઈમ બ્રાંચની ટીમે વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે શખ્સોને દબોચી લઈ રૂ.૩.૮૬ મુદ્દામાલ કબ્જે કર્યો છે.




આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એસ.ગરચરની સુચનાથી કોન્સ્ટેરલ હરપાલસિંહ જાડેજા, મહેશભાઈ ચાવડા સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, એક ડસ્ટર કારમાં દારૂ ભરી બે શખ્સો રાજકોટ તરફ આવતા હોય હકીક્તના આધારે પોલીસે જીવાપર ગામના પાટીયા પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક સફેદ કલરની ડસ્ટર કાર નં.જીજે૧ આરએચ૫૪૭૦માં બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાંડના ૪૩૨ ચપલા કિંમત રૂ.૮૬૪૦૦નો જથ્થો મળી આવતા કારનો ચાલક વીકી સુરેશ કુડલાણી (રહે. આદર્શનગર બસ સ્ટેશન પાછળ જુનાગઢ) અને કપીલ ઉર્ફે કમલેશ મોહન પંજાબી (રહે.પોપટપરા શેરી નં.૧૫)નામના બંને શખ્સોની ધરપકડ કાર સહિત રૂ.૩.૮૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ચોટીલામાં અલમદીના સોસાયટીનો સાર્વજનિક પ્લોટ માથાભારે શખ્સે પચાવી પાડયાનો આક્ષેપ

## સોસાયટીના રહેવાસીઓએ સુરેન્દ્રનગર કલેક્ટર, મામલતદાર, નગરપાલિકાના ચીફ ઓફિસર અને પોલીસમાં લેખીતમાં આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરી





**મુખ્ય સમાચાર રાજકોટ**

ચોટીલામાં આવેલ અલમદીના સોસાયટીમાં એક માથાભારે શખ્સ દ્વારા સાર્વજનિક પ્લોટમાં ઓરડીઓ બનાવી ભાડે આપી દઈ ગેરકાયદેસર કબજો જમાવતા સોસાયટીના રહેવાસીઓએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી ગેર કાયેદે થયેલા દબાણને દૂર કરવાની માંગ કરવામાં આવી છે.

આ બાબતે ચોટીલામાં બસ સ્ટેશન સામે આવેલ અલમદીના સોસાયટીના રહેવાસીઓએ લેખીતમાં આવેદનપત્ર સુરેન્નગર કલેક્ટર, મામલતદાર, ચીફ ઓફિસર અને પોલીસમાં લેખીતમાં આપી જણાવ્યું કે,સોસાયટીમાં રહેતા નામચીન શખ્સ ઈલીયાઝ દિન મહમદ નકુમ સામે આક્ષેપ કરવામાં આવ્યા છે કે, આ શખ્સે અલમદી સોસાયટીમાં આવેલ સાર્વજનિક પ્લોટમાં કબજો જમાવી ઓરડીઓ બનાવી અન્ય લોકોને ભાડે આપી દીધી હોય અને આ જગ્યા પર દારૂ, ગાંજો, અન્ય માદકપદાર્થોનું વેંચાણ થતું હોય અને અસામાજિક તત્વોના દેરાતંબુ તાણીને સોસાયટીના લોકોને ધાકધમકી આપી ગેરકાયદે પ્રવૃતિઓ ર્ક્તા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. સોસાયટીના રહીસોએ આવેદનપત્ર પાઠવી તાત્કાલીક ધોરણે ગેર કાયદે બાંધકામ દૂર કરી સોસાયટીના લોકોને ન્યાય અપાવવાની માંગ કરી છે.

# પાટડી-દસાડા હાઈ-વે પર ૨૬૮૬ બોટલ દારૂ સાથે બે કારમાંથી બે શખ્સો ઝડપાયા

## એસએમસીની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી રેડ કરીઃ રૂ.૨૨.૯૬ લાખનો મુદ્દામાલ કબજે : ફરાર થયેલા બે શખ્સો સહિત આઠની શોધખોળ





**મુખ્ય સમાચાર રાજકોટ**

સુરેન્નગર જિલ્લાના પાટડી-દસાડા હાઈવે પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રેડ કરી બે કારમાં ૨૬૮૬ બોટલ દારૂનો જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરી રૂ.૨૨.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે ર્ક્યો છે.

આ અંગેની માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલના ટીમે ડીવાયએસપી કે.ટી.કામરીયાની સુચનાથી પીએસઆઈ જે.એમ્‌પઠાણ સહિતનો સ્ટાફ પાટડી-દસાડા હાઈવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન માલવણ ચોકડી પાસે આવેલ અદાણીના પેટ્રોલપંપ નજીક દરોડો પાડી બે કારમાં દારૂનું કટીંગ થાય તે પહેલા જ રેડ કરી રાજસ્થાનના કોજા ગામનો ભજનલાલ આશુરામ બિસ્મય અને રેશી ગામનો પપ્પુરામ જગારામ ખીલેરી નામના બે શખ્સોને દરોચી લઈ બંને કારમાંથી ૨૬૮૬ બોટલ દારૂ કબજે લઈ કુલ રૂ.૨૨.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મોકલાવનાર રાજસ્થાનનો બંસત રબારી અટીકા કાર નં.જીજે૨૭ ઈસી૨૯૮૮માં દારૂનો જથ્થો મોકલાવનાર ઈનોવા કારમાં દારૂનો જથ્થો મંગાવનાર તથા અટીકા કારમાં નાસી ગયેલા બે શખ્સો સહિત આઠ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# મહાત્મા ગાંધી પ્લોટ પાસે નદીના કાંઠે માથામાં ઈજા થયેલ અજાણ્યા પુરુષની લાશ મળી

**મુખ્ય સમાચાર રાજકોટ**



શહેરના સામાકાંઠે મહાત્મા ગાંધી પ્લોટ પાસે આજીનદીના કાંઠે આવેલા ભુરા પથ્થરના પુલ નીચે સાંજના ૫:૩૦ વાગ્યે કોઈ અજાણ્યા પુરુષની લાશ પડી હોવાની જાણ બી.ડિવિઝન પોલીસમાં કરવામાં આવતા એએસઆઈ આર.જે.જાડેજા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે પ્રાથમિક તપાસ કરતા આ યુવાનને માથાના ભાગે ઈજા પહોંચી હતી પોલીસે લાશને ફોરેન્સીક પીએમ અર્થે સરકારી હોસ્પિટલે ખસેડે મૃતકના વાલી વારસની શોધખોળ આદરી છે.

# શિક્ષિકાને પતિ સહિતના સાસરિયાઓએ મારમારી પહેરેલ કપડે કાઢી મુકવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નીલકંઠ પાર્કમાં રહેતા ચાંદનીબેન ધામેલીયા ઉ.૩૭એ સાધુ વાસવાણી રોડ ઉપર રહેતા પતિ વિશાલભાઈ, સસરા કિશોરભાઈ મનજીભાઈ, સાસુ માયાબેન, જેઠ રાજનભાઈ અને જેઠાણી પરિતાબેન સામે મહિલા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું શિક્ષક તરીકે નોકરી કરું છું લગ્ન દસ વર્ષ પૂર્વે થયા છે પતિ પગારના પૈસા લઈ લેતો અને લોનના હપ્તા ભરતા શંકા કરી નોકરીએ આવી તારી આબરૂના ધજાગરા કરી નાખીશ કહી ધમકી આપી તારે આત્મહત્યા કરવી પડશે તેવી પરિસ્થિતિ ઊભી કરી દઈશ કહી ધમકી આપતા ઘરકામનું કહી જેઠ જેઠાણી ત્રાસ આપતા પતિએ લાફા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી બધાએ ઉશ્કેરાઈને મારા પિતાને ગાળો ભાંડી ઘરમાંથી કાઢી મૂક્યા હતા અને ઘરમાં કોઈ દિવસ આવતા નહીં નહિતર બધાને મારી નાખવા પડશે ધમકી આપી હતી મારા નામે દસ લાખની લોન ઉપર મકાન લીધુ તેમાં પતિએ દાદાગીરીથી જોઈન્ટ દસ્તાવેજ કરાવ્યો ફર્નિચરનુ બીલ મે ભર્યુ મારી કાર પણ પતિએ પડાવી લીધી દાગીના માંગતા સાસુ સસરાએ કહેલ કે છૂટાછેડામાં સહી કરી દે અને મકાનના દસ્તાવેજમાથી તારું નામ કમી કરી નાખ તો દાગીના આપુ ગત ૧૫ જુલાઈએ મારકૂટ કરી ગાળો દઈ પહેરે કપડે ઘરમાંથી પુત્ર સાથે કાઢી મૂકતાં અંતે ફરિયાદ નોંધાવી હતી.

# કોર્ટ મુદતે ગયેલા હત્યાનો આરોપી અને જાપ્તાનો કોન્સ્ટેબલ પીધેલા ઝડપાયા

## પરત મધ્યસ્થ જેલમાં આવતા જેલરે પોલીસમેન અને હત્યાના આરોપ વિરૂધ્ધ ગુનો નોંધાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની જેલમાં બંધ હત્યાના આરોપીને જેલના સ્ટાફ દ્વારા સુવિધા આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજકોટ મધ્યસ્થ જેલમાંથી કોર્ટ મુદ્દતે ગયેલો હત્યાનો આરોપી દારૂ પીધેલી હાલતમાં પકડાતા આરોપી અને કોન્સ્ટેબલ વિરુદ્ધ જેલર દ્વારા ફરિયાદ નોંધાવતા પ્રધુમનનગર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



રાજકોટ મધ્યસ્થ જેલનાં ઈન્ચાર્જ જેલર ગ્રુપ-૨ વી. કે. પારઘીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૨૫.૦૭.૨૦૨૪ના રોજ અમારી ફરજ ડ્યુટી જેલર તરીકે હતી. દરમિયાન આશરે ૫ વાગ્યે જેલના મેઈનગેટ પર ફરજ બજાવતા હવાલદાર હિતેષભાઈ એમ. વાજાએ મને જાણ કરી હતી કે, પોલીસ હેડ ક્વાર્ટર રાજકોટ શહેરના પોલીસ કોન્સ્ટેબલ બ.નં.૧૦૩૨ પરેશ મનસુખભાઈ વાઘેલા જેલના કાચા કામના આરોપી અવેશ અયુબભાઇ ઓડિયાને રાજકોટની કોર્ટ મુદ્દતે રજી કર્યો હતો અને સાંજના આશરે ૪.૪૦ વાગ્યે પરત લાવી જમા લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેઓ દ્વારા કેદીની તપાસ કરતા મોઢામાંથી દુર્ગંધ આવતા જેલના મેડિકલ ઓફિસર દીલાવર ઉડનપૌત્રાને બોલાવી આરોપીની ચકાસણી કરાવતા તે કેફી પીણુ પીધેલો હોવાનું સામે આવતા જેલ રજી. નં. ૩૨૩૨માં નોંધ કરી છે. આરોપી થોરાળા પોલીસ સ્ટેશનના ૨૦૨૩ના શર૪, શ૪શ, સર૫, ૫૦૬(૨), ૧૨૦બી, ૧૧૪, -૧૩૫ અને થોરાળા પોલીસ સ્ટેશનના ૨૦૧૮ના -૩૦૭ના કામે જેલમાં કાચા કામના કેદી તરીકે છે. આ ગુના સબબ કોર્ટમાં મુદ્દતમાં રજૂ ! રખાવવાનો હોવાથી તા. ૨૫.૦૭.૨૦૨૪ના રોજ ! સવારના આશરે ૧૧.૪૦ વાગ્યે પોલીસ હેડ ક્વાર્ટર, રાજકોટ ! શહેરના પોલીસ કોન્સ્ટેબલ બ.નં.૧૦૩૨ પરેશ મનસુખભાઈ ! વાઘેલાને સોંપવામાં આવ્યો હતો.

આરોપી દ્વારા કેફી પીણુ પીધેલ હોવાનું ડોક્ટર દ્વારા ! પ્રાથમિક તબ્બકે જાહેર કરતા બન્ને વિરુદ્ધ કાર્યવાહી કરવા! ફરિયાદ નોંધાવી છે. હાલ પ્રધુમનનગર પોલીસે કાચા કામના કેદી અવેશ અયુબભાઈ ઓડિયા વિરુદ્ધ પ્રોહિબિશન ! કલમ-૬૬(૧)બી તેમજ પોલીસ કોન્સ્ટેબલ પરેશ વાઘેલા વિરુદ્ધ ! ની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી મ વધુ તપાસ હાથ ધરી છે.